# ગઝલ-આનંદ

--હીતેન આનંદપરા

.૧. (પાન-૩)

બેસી નીરાંતે બે ઘડી પૃથક્કરણ કરતા રહો,
જે પણ મળે સારું સતત એને ગ્રહણ કરતા રહો

એ ભ્રમ કદી ન પાળવો, આકાશ અહીંથી અહીં સુધી
ક્ષીતીજ કંઈ સીમા નથી જો વીસ્તરણ કરતા રહો.

જેની ઉપર ના હક હતો, ના છે, ન બનવાનો કદી,
મનમાં નીરંતર એ જ વ્યક્તીનું સ્મરણ કરતા રહો.

આ પ્રેમ નામે ગ્રંથનો ફેલાવ વધવો જોઈએ,
જો પ્રત કદી ખુટી પડે તો સંસ્કરણ કરતા રહો.

આ પીંડ ફરતે રક્ત-અસ્થી, પર ત્વચા, પર વસ્ત્ર છે,
અહીંયાં તો પહેલેથી રુઢી છે આવરણ કરતા રહો.

એ નામ લખવાનું અગર મુમકીન નથી તો કંઈ નહીં,
ખાલી જગાના બેય છેડે અવતરણ કરતા રહો.

.૨. (પાન-૬)

અરીસાની તીરાડોમાં સ્વયમ્‌નું સ્થાન શોધું છું,
નથી તલવાર જેવું કંઈ છતાંયે મ્યાન શોધું છું.

તબક્કાવાર મરવાનું મને માફક નહીં આવે,
સડેડાટે નીકળતા જીવમાં પ્રસ્થાન શોધું છું.

નજરથી વાત કરવી છે પરંતુ ભસ્મ થઈ જઈશ તો ?
સુરજના અસ્તમાં બસ એટલે મધ્યાહ્ન શોધું છું.

ખરે ના એક પણ આંસુ ફક્ત બે આંખ ભીની હો,
તમાશાથી અલગ રહી આવતું અવસાન શોધું છું.

પગથીયે કોઈ મંદીરના ઉછળતા-કુદતા રહેતા,
બીલાડીનાં કોઈ બચ્ચામાં હું ભગવાન શોધું છું.

હવે બદલી થવાની છે, બધું સંકેલવા લાગું,
જતાં પહેલાં આ ઘર માટે નવો મહેમાન શોધું છું.

પ્રથમ પાને પ્રકાશીત લેખને જગ્યા પડી ઓછી,
જીવનના શેષ પાનામાં અનુસંધાન શોધું છું.

.૩. (પાન-૧૩)
એક પથ્થરમાંથી બનતા શીલ્પને આદર મળે,
જો મઠારો જીંદગીને તો જ કંઈ નક્કર મળે.

હર વખત એ પ્રશ્ન ઘુમરાયા કરે, હું કોણ છું ?
હર વખત એ પ્રશ્નનો ઉત્તર મને અધ્ધર મળે,

વાત જે કરવી હતી એને, કદી ના થઈ શકી,
રાહ જોતા રહી ગયા કે આગવો અવસર મળે.

કાશ થોડી લેતી-દેતી હોત તો મળતાં રહેત,
પણ હીસાબો એની સાથેના બધા સરભર મળે.

એક સધીયારો અપાવે બે અડોઅડ આંગળી,
હુંફના નામે મઢેલા સ્પર્શનાં અસ્તર મળે.

ક્યાંક ખુટે, ક્યાંક તુટે, તે છતાં લખતા રહો,
શક્ય છે આ માર્ગ પર, આગળ જતાં ઈશ્વર મળે.

.૪. (પાન-૨૦)
છેક તકલાદી જીવાતું હોય છે,
સ્મીત હોઠો પર લવાતું હોય છે.

દુઃખ, વ્યથા, પીડા, ઘુટન કે વેદના,
કંઈ ન હો તો પણ રડાતું હોય છે.

જ્યાં તમે સાવધ અને સતર્ક હો,
મન બરાબર ત્યાં ફસાતું હોય છે.

એક કેલેન્ડર સમી છે જીંદગી,
રોજ એક પાનું ફડાતું હોય છે.

હસ્તધુનનમાં કશી ઓછપ હશે,
એટલે ભેટી જવાતું હોય છે.

ભીંત પર અમથું લટકવા નહીં મળે,
મૌન મરણોત્તર મઢાતું હોય છે.

.૫. (પાન-૨૯)
પોતાનું કહી શકાય જે એ ગામ છે ગઝલ,
ખુદની નજીક આવવાનું કામ છે ગઝલ.

કુવો, તળાવ, ઝરણું, સરોવર કે હો નદી,
જયાં પણ તરસ છીપાતી એ મુકામ છે ગઝલ.

દીવસની દોડધામો બાદ આવતાં ઘરે
પગ મુકતાં જ મળતો એક આરામ છે ગઝલ.

અહી પહોંચવું સરળ, પરંતુ પામવું કઠીન,
શ્રદ્ધા, તપસ્યા, ભક્તી તણું ધામ છે ગઝલ.

સ્વરુપ હો નીરાળું તોયે ધ્યેય તો એક જ,
શ્રીકૃષ્ણ ગીત હોય, તો શ્રીરામ છે ગઝલ .

.૬. (પાન-૩૨)
બીજાને શું જીરવીશું ? જાતને જીરવી નથી શકતા,
ભીતર સર્જાતા ચક્રવાતને જીરવી નથી શકતા.

અતીશય જોશમાં આઘાત બીજા પર કરી લઈએ,
પછી ઉદ્ભવતા પ્રત્યાઘાતને જીરવી નથી શકતા.

તરસ કોઠે પડી હો જેમને એવા ઘણા લોકો,
કદાચીત આવતા વરસાદને જીરવી નથી શકતા.

સદા નક્કર હકીકત ને ગણતરીઓમાં જીવ્યા જે,
જીવનના અંતમાં આભાસને જીરવી નથી શકતા.

ઘણું તરસ્યા હતા સાંનીધ્ય જેનું પામવા માટે,
હકીકતમાં તમે અજવાસને જીરવી નથી શકતા.

તમે આકાશ પણ ઝંખો ને બાંધો છત દીવાલ પર ?
હકીકતમાં તમે અજવાસને જીરવી નથી શકતા.

નવા સર્જકને ત્રાંસી આંખથી જુએ જુના સર્જક,
ઘણાં વૃક્ષો કુંપળની વાતને જીરવી નથી શકતા.

.૭. (પાન-૩૯)

લક્ષ્મીની જેમ જ લાગણીઓ ગણે છે, આ માણસ બરાબર નથી,
ગણે છે ને ઓછી પડે તો લડે છે, આ માણસ બરાબર નથી.

સમી સાંજ દરીયાકીનારે જવું તોયે દરીયા તરફ પીઠ રાખી
એ, લોકોને, ગાડીને જોયા કરે છે, આ માણસ બરાબર નથી.

સુંદરતા જોવી ગમે છે, સહજ છે, પણ સૌની દ્દષ્ટીમાં છે ફેર,
એ જોવાની આડશમાં રીતસર ઘુરે છે, આ માણસ બરાબર નથી.

ન કુદરત, ન ઈશ્વર, ન દુનીયા, અરે સૌ સ્વજનથીયે છેટો રહે છે,
બસ પોતાને માટે જીવે છે, મરે છે, આ માણસ બરાબર નથી.

વધુ એને ચીડવો, વધારે દઝાડો, જલાવો, દયા ન બતાવો,
કારણ એ કાયમ ઈર્ષાથી બળે છે, આ માણસ બરાબર નથી.

જે લુચ્ચું હસે છે, જે ખંધું હસે છે, જરા એથી ચેતીને ચાલો
કે આખો શકુની એમાંથી ઝરે છે, આ માણસ બરાબર નથી.

## મુક્તકો

.૧. (પાન-૧૧૦)

જે ગઝલ ના થઈ શકે, એવાય ભાવો હોય છે,
આંખથી દેખાય નહીં એવાય ઘાવો હોય છે;
બે જણા વચ્ચે કશું રોપાય પણ વીકસે નહીં,
આપણી તો હર કથાનો અંત આવો હોય છે.

.૨. (પાન-૧૧૦)

બે જણા વચ્ચે ફરી અંટસ પડી છે,
બે જણાને જીદ પોતાની નડી છે;
સાવ નાની વાતમાં તોડી સંબંધો,
પ્રીત પાછળથી બીચારી બહુ રડી છે.

.૩. (પાન-૧૧૧)

સાવ કોરો જોઈને, માયા થઈ કાગળ ઉપર,
યાદ કોઈની સળવળીને અવતરી કાગળ ઉપર;
મેં વીચાર્યું શું લખું તો શાખ કાગળની વધે ?
નામ મેં તારું લખી નાખ્યું પછી કાગળ ઉપર

.૪. (પાન-૧૧૨)

ચલો સાથે મળી ભગવાનના વારસ બની જઈએ,
શરત બસ એટલી છે સૌ પ્રથમ માણસ બની જઈએ;
હવે બસ એક રસ્તો છે તમાશા દુર કરવાનો,
બધાયે વેશ ખંખેરી ફરી બાળક બની જઈએ.

.૫. (નવું)


અરીસાઓ હવે પહેલાં સમા શ્રદ્ધેય ક્યાં છે?
મને કોઈ સત્ય જોવાનો નવો રસ્તો બતાવો,
અકાળે પીઢ થાતાં બાળકોના આ નગરમાં છું,
મને શૈશવને મળવાનો નવો રસ્તો બતાવો.

--હીતેન આનંદપરા--

‘સુર્યનું પ્રથમ કીરણ’ --હીતેન આનંદપરા, (**પ્રકાશકઃ** ઈમેજ પબ્લીકેશન્સ, ૧૯૯/૧, ગોપાલ ભુવન, પ્રીન્સેસ સ્ટ્રીટ, **મુંબઈ**-૪૦૦ ૦૦૨ તથા ૧-૨, અપર લેવલ, સેન્ચુરી બજાર, આંબાવાડી સર્કલ, આંબાવાડી, **અમદાવાદ**-૩૮૦ ૦૦૬) મુલ્ય- રુપીયા ૭૦ , પ્રથમ આવૃત્તીઃ ૧૯૯૯)માંથી સાભાર…

કવીસંપર્ક : D2/301, Charkop Kesar CHS, 3rd Floor
Lot No.239, RDP-6, MHADA Layout, Charkop Market
Kandivli (West), **Mumbai** – 400 067, Maharastra, INDIA
TEL : (RESI) **022 – 28691515**, MOBILE: **93235-99572**
ઈ-મેઈલ : **hiten_anandpara@yahoo.com**

‘સન્ડે ઈ-મહેફીલ’ -- વર્ષ : ત્રીજું -- અંક : **130** **-- December 2, 2007**
‘ઉંઝાજોડણી’માં અને ‘વીજયા’ ફોન્ટમાં સાભાર અક્ષરાંકનઃ સુનીલ શાહ
**sunras22266@gmail.com**



## કવી પરીચય

ગુજરાતી ભાષાના અત્યારના બે નવા નક્કોર કવીઓ એટલે હીતેન આનંદપરા અને મુકેશ જોષી.

હીતેનની કવીતાના પ્રવેશદ્વાર પર લાભ-શુભ જેવાં ગીત અને ગઝલ. એની કવીતા સાચવી સાચવીને પગલાં ભરે. એની કવીતા બહારથી ઠાવકી અને અંદરથી તોફાની છે. એની પાસે પોતીકો લય છે. એનાં ગીતોમાં લયના ઝીણા બખીયા નથી; પણ કસબ એવો છે કે ક્યાંય દોરો-ધાગો દેખાય નહીં. એની પાસે એકવીધતા નથી. હીતેન ગીત-ગઝલમાં સવ્યસાચી છે. એના કાવ્યમાં તથા કાવ્ય-પઠનમાં એક પ્રકારનાં સ્વસ્થતા અને સંયમ.

હીતેને પોતે જ પોતાની કવીતા શું કરે છે અને શું કરવા માગે છે એનો સંકેત આપી દીધો છેઃ

**ગીતોમાં ઢાળવા છે સુંવાળાં સ્પંદન ને ગઝલોમાં વેદના ને ગમ**
**થોડી હકીકત છે, થોડી છે કલ્પનાઓ, તારી નજાકતના સમ.**

અહીં શબ્દોની હેલી પણ છે અને જુવાન કવી પાસે હોય એવી શબ્દોની કેલી પણ છે. હીતેન લખે છે ઓછું; પણ એ ઘુંટાયેલું હોય છે. શબ્દોના પુરમાં તરવાની ત્રેવડ છે; પણ તણાઈ જાય એવો, એની કલમનો સ્વભાવ નથી. ભાવુકતા અને સ્વાભાવીકતાની વચ્ચે પરીપક્વતાની કુંપળ ફુટું ફુટું થઈ રહી છે. આ હકીકત હીતેનની આવતીકાલની કવીતા માટે શ્રદ્ધાનો સુર આપે છે.-સુરેશ દલાલ **(કાવ્યસંગ્રહના અંતીમ મુખપૃષ્ઠ ઉપરથી સાભાર…)**

૨૭ જુલાઈ, ૧૯૬૮ના દીને મુંબઈમાં જન્મેલા યુવાકવી ભાઈ હીતેન, વાણીજ્ય સ્નાતક અને એમ.એ. થઈ હાલ ગુજરાતની ટોચની પ્રકાશન સંસ્થા **ઈમેજ પબ્લીકેશન** સાથે સંકળાયેલા છે.

મુશાયરાની શાન બની રહેતા ભાઈ હીતેને મસ્કત, દુબઈ, ઈંગ્લેન્ડ, અમેરીકા અને બેલ્જીયમ જેવા વીદેશોમાં યોજાતા અને ભારતનાં પંદરેક શહેરોમાં યોજાયેલા મુશાયરાઓમાં ભાગ લીધો છે.

'ગુજરાતી સાહીત્ય પરીષદ'નું પારીતોષીક અને **'શયદા એવોર્ડ'** પણ એમને મળ્યાં છે. **'મુંબઈ સમાચાર'** અને 'મીડ-ડે'ની એમની કટાર **'મોન્સુન મસ્તી'** વાચકોનો આવકાર પામી છે.

--મનસુખ નારીયા અને ઉત્તમ ગજ્જર

(ગઝલ-સંપાદનની જવાબદારી સ્વીકારવા બદલ કવી મીત્ર **શ્રી. મનસુખ નારીયા**નો અને અક્ષરાંકન માટે **મીત્ર સુનીલ શાહનો** દીલથી આભાર..**ઉત્તમ..**)

'સન્ડે ઈ-મહેફીલ' -- **વર્ષ : ત્રીજું** -- **અંક : 130 -- December 2, 2007**
**'ઉંઝાજોડણી'**માં અને **'વીજયા'** ફોન્ટમાં **સાભાર અક્ષરાંકનઃ સુનીલ શાહ**
**sunras22266@gmail.com**

●●●

શુક્રવાર ૧૩મી જાન્યુઆરી ૨૦૦૬ના દીને મુંબઈ ખાતે લૅક્સીકૉનના થયેલા પ્રથમ લોકાર્પણ પછી **5,60,000** જેટલા ભાષાપ્રેમીઓએ અત્યાર સુધીમાં http://www.gujaratilexicon.com લૅક્સીકૉનની મુલાકાત લીધી. આપને અને આપ મારફત આપના મીત્રોને પણ લૅક્સીકૉનની આ નવી interfaceની મુલાકાત લેવાનું નીમંત્રણ છે. વીશ્વનાં કરોડો ગુજરાતી ભાઈ–બહેનો સુધી આ સંદેશો પહોંચાડવામાં સહાય કરી, આપને પણ ગુજરાતી ભાષાની અમુલ્ય સેવાના પુણ્યના અધીકારી બનવા વીનંતી.

આપ સૌના સહયોગ થકી સન્ડે ઈ–મહેફીલના **7200** જેટલા વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા બહુ મોટી સંખ્યામાં છે જ...

સૌનો આભાર..અમારી સન્ડે ઈ–મહેફીલની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો અમારી વેબસાઈટ http://gujaratilexicon.com/index.php?action=downloadSeM

પરથી સરળતાથી ડાઉનલોડ થઈ શકશે. આ જ વેબ સાઈટ પરથી લૅક્સીકૉન અને શ્રી વીપુલ કલ્યાણી તરફથી લંડનથી પ્રકાશીત થતા 'ઓપીનીયન' માસીકના કેટલાક નમુનાના અંકોની અને શ્રી. પ્રવીણ વાઘાણી (મેલ્બોર્ન–ઓસ્ટ્રેલીયા) તરફથી પ્રકાશીત થતા 'માતૃભાષા' માસીકની મુલાકાતે પણ જઈ શકાશે..

●◆●

# ● મધુરેણ સમાપયેત્ ●




પેન્સીલ્વેનીયા-અમેરીકામાં વસેલા અમદાવાદી કાર્ટુનીસ્ટ શ્રી. મહેન્દ્રભાઈ શાહનો

ઈ-મેઈલ સંપર્ક : **mahendraaruna@msn.com**

એમનો પરીચય પામવા અને એમનાં ખુબ બધાં કાર્ટુન્સ માણવા જુઓ એમની
web site : **www.ameamericanamdavadi.com**


'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : **130** -- **December 2, 2007**
'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં સાભાર અક્ષરાંકન: સુનીલ શાહ
**sunras22266@gmail.com**


●◆●◆●◆●